ડીંડોલી પો.સ્ટે.હદમાંથી થયેલ વાહન ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને તેના વતન મહારાષ્ટ્ર દોંડાયચાથી ઝડપી પાડતી સુરત શહેર. એસ.ઓ.જી. ટીમ.

સુરત શહેરમાં બનેલ મિલ્કત સંબધીત ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા એસ.ઓ.જી. ની ટીમના PC રાજેષભાઈ પિતાંમ્બરભાઈ નાઓ સાથેના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તેમના બાતમીદાર મારફતે મળેલ બાતમી આધારે "સને-૨૦૧૯ માં ડીંડોલી પો.સ્ટે.માં નોંધાયેલ વાહન ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપી મચ્છીન્દ્ર ઉર્ફે મહેન્દ્ર સુરેશભાઈ આગળે રહે.૨૨૮, આસપાસ નગર લીંબાયત, સુરત વાળો નાસતો-ફરતો હોય જે આરોપી હાલ તેના વતન દોંડાયચા મહારાષ્ટ્ર ખાતે તેના પરીવાર સાથે રહેતા હોવાની મળેલ બાતમી આધારે ઉપરોકત ટીમના માણસો મહારાષ્ટ્રના ધુલીયા જિલ્લાના શીંદખેડા તાલુકાના દોંડાયચા ખાતે જઈ સ્થાનીક પોલીસની મદદ મેળવી સદરહુ આરોપીની તપાસ કરેલ તે દરમ્યાન આરોપી નામે મચ્છીન્દ્ર ઉર્ફે મહેન્દ્ર સુરેશભાઈ આગળે ઉ.વ.૩૬ ધંધો કલર કામ રહે. ઘર નં.સી/૨૯, જવાહર નહેરૂ આવાસ માળસા નગર પાસે દોંડાયચા તા.શીંદખેડા જિ.ધુલીયા મહારાષ્ટ્ર નાઓ તેના ઘરેથી મળી આવેલ.

સદર મળી આવેલ આરોપીને તેના નામઠામની ખાત્રી કરી ગુન્હા સંબધે પુછપરછ કરતા જણાવેલ કે, સને.૨૦૧૯ માં તેનો મિત્ર યોગેશ ઉર્ફે કિષ્ના S/O વિરમસીંગ ચૌહાણ રહે.ગણપતિધામ સોસાયટી નવાગામ ડીંડોલી સુરતવાળા સાથે મળી ડીંડોલી ગોવર્ધનનગર સોસાયટી વિભાગ-૧ પાસે પાર્ક કરેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલનું લોક તોડી ચોરી કરી લઇ ગયેલ અને આ ગુનામાં તેનો મિત્ર યોગેશ ઉર્ફે કિષ્ના S/O વિરમસીંગ ચૌહાણ નાને પોલીસે પકડી પાડી સુરત શહેર ખાતે લાવી આગળની કાર્યવાહી સારૂ ડીંડોલી પો.સ્ટે. માં સોંપેલ છે.

નોંધ-મજકુર આરોપી ડીંડોલી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૫૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે નાસતો ફરતો હતો.

ગુન્હાહિત ઈતિહાસ:-(૧) સુરત રેલ્વે પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૨/૨૦૧૩ ઇ.પી.કો.કલમ ૩૦૨, ૧૧૪, તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ

(૨) પુણા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૧૭/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ.